# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 14-09-2025 EVENING: 7.50 TO 8.00
Day : SUNDAY National News

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામમાં 18 હજાર કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકોને પોતાની માતૃભાષાને સન્માન આપવાની સાથે હિન્દીને સહયોગ આપવા હાકલ કરી
3. શ્રી શાહે અમદાવાદમાં દેશના સૌથી મોટા અને આધુનિક વીર સાવરકર રમતગમત સંકુલનું ઉદ્ઘાટન કર્યું.
4. બેઈજીંગ પર વેરો લગાવવાની જાહેરાત અંગે ચીને અમેરિકાના રાષ્ટ્ર  મુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટીકા કરી
5. વર્લ્ડ મુક્કેબાજીની સ્પર્ધામાં મીનાક્ષી હુડ્ડાએ સુવર્ણચંદ્રક જીત્યો.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE. PM-ASSAM VISIT OVERALL

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આસામની બે દિવસીય મુલાકાત દરમિયાન આજે 18 હજાર કરોડ રૂપિયાના અનેક વિકાસ પરિયોજનાઓના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યો. શ્રી મોદીએ સવારે દરંગ જિલ્લાના મંગલદોઈ ખાતે દરંગ મેડિકલ કોલેજ, નર્સિંગ કોલેજ અને એક GNM સ્કૂલનો શિલાન્યાસ કર્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેમની સરકાર ઉત્તરપૂર્વમાં કનેક્ટિવિટી પર ધ્યાન કેન્દ્રીય કરી રહી છે.. કારણ કે  કોઇ પણ  ક્ષેત્રના ઝડપી વિકાસ માટે ઝડપી કનેક્ટિવિટી ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે બ્રહ્મપુત્ર નદી પર ગુવાહાટીમાં નરેંગી અને દારંગમાં કુરુવાને જોડતા નવા પુલના બાંધકામ અને ગુવાહાટી રિંગ રોડ પ્રોજેક્ટનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન પણ કર્યું. બાદમાં તેમણે આસામના ગોલાઘાટ જિલ્લામાં ભારતની પ્રથમ વાંસ આધારિત બાયો-રિફાઇનરીનું ઉદ્ઘાટન કર્યું. તેમણે રિફાઇનરીમાં પોલીપ્રોપીલિન યુનિટનો શિલાન્યાસ પણ કર્યો.

(BYTE – PM – ON BAMBOO)

શ્રી મોદીએ આ પ્રસંગે એક જાહેર સભાને પણ સંબોધન કરતાં કહ્યું કે ભારત ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા અને વિદેશી ઇંધણ પર નિર્ભરતા ઘટાડવાના મિશન પર છે. તેમણે કહ્યું કે ભારત તેના ઊંડા પાણીના ઉર્જા સંસાધનોનો ઉપયોગ કરશે અને ઉર્જા સ્વનિર્ભરતાને મજબૂત બનાવશે અને આ બાયો-ઇથેનોલ પ્લાન્ટ આ લક્ષ્ય તરફ એક પગલું છે.

પ્રધાનમંત્રી આસામમાં પોતાના કાર્યક્રમો પૂર્ણ કર્યા પછી આજે સાંજે જોરહાટ એરપોર્ટથી કોલકાતા જવા રવાના થશે.

. . . . . . . . . . . . . . .

# AMIT SHAH GNR- HINDI DIVAS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકોને પોતાની માતૃભાષાને સન્માન આપવાની સાથે હિન્દીને સહયોગ આપવા હાકલ કરી છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે હિન્દી દિવસ તેમજ પાંચ-માં અખિલ ભારતીય રાજભાષા સંમેલનને આજે ખૂલ્લું મૂકતા તેમણે સમયની સાથે હિન્દીને વધુ લચીલી બનાવવા અને હિન્દી તથા પ્રાદેશિક ભાષાઓના સહ-અસ્તિત્વ પર ભાર મૂક્યો હતો.

શ્રી શાહે કહ્યું, હિન્દીને વધુમાં લોકભોગ્ય બનાવવા કેન્દ્ર સરકારે સારથિ મંચ અને હિન્દી શબ્દ સિંધુકોષ જેવી સફળ પહેલ કરી છે. તેમણે હિન્દી માત્ર બોલચાલની ભાષા ન રહેતા; તે વિજ્ઞાન તકનીક, ન્યાય અને પોલીસ વ્યવસ્થાની પણ ભાષા હોવી જોઈએ તેમ ભારપૂર્વક જણાવ્યું. આ પ્રસંગે તેમણે વર્ષ 2029 સુધી હિન્દી શબ્દ સિંધુ વિશ્વનો સૌથી મોટો શબ્દકોષ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER- SARTHI PORTAL)**

-------------

# AMIT SHAH VEER SAVARKAR SPORTS COMPLEX

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગુજરાતમાં અમદાવાદના નારણપુરા ખાતે અંદાજે 825 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા દેશના સૌથી મોટા અને આધુનિક વીર સાવરકર રમતગમત સંકુલનું ઉદ્ઘાટન કર્યું. દરમિયાન એક વિશાળ સભાને સંબોધતા શ્રી શાહે વર્ષ 2047 સુધીમાં ભારતને ટોચનો રમતગમત દેશ બનાવવાની કેન્દ્રની મોદી સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું, નવું સંકુલ દેશનું સૌથી મોટું અને વિશ્વનું સૌથી અદ્યતન છે. દરમિયાન તેમણે અમદાવાદ ટૂંક સમયમાં ઍશિયાનું રમતગમત પાટનગર અને રાષ્ટ્રમંડળ રમતગમત માટેનું મુખ્યસ્થળ બનશે, તેમ જણાવ્યું.

**(BYTE: AMIT SHAH) VEER SAVARKAR BYTE**

સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકરને યાદ કરતા શ્રી શાહે કહ્યું, આ સંકુલમાં માત્ર વૈશ્વિક કક્ષાની માળખાગત સુવિધા અને તાલીમ જ નહીં, પણ દેશભરના રમતવીરોને પ્રેરણા આપશે.

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## GST

આ સ્વતંત્રતા દિવસે, લાલ કિલ્લાની પ્રાચીર પરથી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ GST સુધારાઓની જાહેરાત કરી હતી. તેમનું વિઝન આ મહિનાની ૩ તારીખે સાકાર થયું, જ્યારે GST કાઉન્સિલે નાગરિકોના જીવનને સરળ બનાવવા માટે ઘણા ક્ષેત્રોમાં કર દર ઘટાડ્યા. આજે, આપણે આરોગ્ય ક્ષેત્ર માટેના સુધારાઓ પર એક નજર નાખીએ.

(વોઇસ કાસ્ટ - સંસ્કૃતિ ભૂંડીયા)

GST સુધારાઓ હેઠળ, સરકારે આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં મોટા કર ઘટાડાની જાહેરાત કરીને સામાન્ય માણસ પરનો બોજ હળવો કર્યો છે. ચશ્મા અને લેન્સ, જેના પર પહેલા 12 ટકા કર લાગતો હતો, તે હવે ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે. આ પગલું લેન્સ અને ચશ્મા પર નિર્ભર લોકોનો ખર્ચ ઘટાડવા માટે નક્કી કરવામાં આવ્યું છે. આરોગ્ય ક્ષેત્રમાં GST ઘટાડવા તરફના પરિવર્તનશીલ પગલાથી માત્ર માંગમાં સુધારો નહીં પરંતુ ચશ્મા ઉદ્યોગને પણ વેગ મળશે.

. . . . . . . . . . . . . .

## CHINA- US TARIFF

રશિયા સાથેના ગાઢ સંબંધોને કારણે, બેઈજીંગ પર 50 થી 100 ટકા સુધી વેરો લાદવાની અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તાજેતરની જાહેરાત પર ચીને અમેરિકાની ટીકા કરી છે. શનિવારે સ્લોવેનિયાની રાજધાની લ્યુબ્લીયાનામાં એક પત્રકાર પરિષદમાં, ચીનના વિદેશમંત્રી વાંગ યીએ કહ્યું કે, યુદ્ધ સમસ્યાઓનું નિરાકરણ લાવી શકતું નથી અને પ્રતિબંધો ફક્ત તેમને જટિલ બનાવશે.

ચીનના વિદેશમંત્રી વાંગ યી યુક્રેન યુદ્ધમાં રશિયાને કથિત સમર્થન આપવા બદલ નાટો દ્વારા ચીન પર ભારે વેરો લાદવાના અમેરિકાના નિર્ણયનો જવાબ આપી રહ્યા હતા અને શાંતિ વાટાઘાટો અને બહુપક્ષીયતા પ્રત્યે ચીનની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરી રહ્યા હતા.

શ્રી વાંગ યીએ કહ્યું કે, ચીન યુદ્ધનું આયોજન અથવા યુદ્ધમાં ભાગ લેતું નથી પરંતુ શાંતિ વાટાઘાટોને પ્રોત્સાહન આપે છે અને વાટાઘાટો દ્વારા મહત્વપૂર્ણ મુદ્દાઓના રાજકીય ઉકેલોને પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું કે, ચીન અને યુરોપે હરીફોને બદલે મિત્ર બનવું જોઈએ અને એકબીજાનો સામનો કરવાને બદલે સહકાર આપવો જોઈએ.

. . . . . . . . . . . . . . .

# CRICKET ASIA CUP

ટી-20 એશિયા કપ ક્રિકેટમાં આજે ગ્રુપ એ-ની મેચમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો રમાશે. દુબઈના ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહેલી મેચમાં પાકિસ્તાને ટૉસ જીતીને બૅટિંગ પસંદ

કરી છે. આ વર્ષે ફેબ્રુઆરી બાદ બંને ટીમ પહેલી વાર સામસામે રમી રહી છે.

-------------

## BADMINTON- DUO FINAL

લક્ષ્ય સેને આજે હોંગકોંગ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટની પુરુષોની સિંગલ્સ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો. લક્ષ્ય સેનને ફાઇનલમાં ચીનના લી શિફેંગ સામે હારનો સામનો કરવો પડ્યો.

જ્યારે સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી પણ પુરુષોની ડબલ્સ સ્પર્ધાની ફાઇનલમાં રનર્સ-અપ રહી. આ ભારતીય જોડીને ચીનના ઓલિમ્પિક રજત ચંદ્રક વિજેતા લિયાંગ વેઈ કેંગ અને વૈંગ ચેંગ સામે હારનો સામનો કરવો પડ્યો.

. . . . . . . . . . . . . .